ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ જીલ્લા પંચાયતમા છેલ્લા બે ટર્મથી ભાજપ શાસિત 30 કરતાં વધુ બેઠકો પર નવા નિશાળીયાઓને ટિકિટની લોટરી લાગશે

આણંદ જિ. પંચાયતના નવા રોટેશનથી ધૂરંધરો કપાશે

જીલ્લા પંચાયતની અનેક બેઠકોના પ્રકાર બદલાઈ જતાં ભાજપ - કોંગ્રેસના રાજકીય સમીકરણો પણ બદલાશે

(પ્રતિનિધિ) આણંદ, તા. 4

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શનિવારે આણંદ જિલ્લા પંચાયતનું અનામત બેઠકોની ફાળવણી સહિતનું પ્રાથમિક સીમાંકન બહાર પાડી દેવામાં આવ્યું છે. જેમાં મોટાભાગની બેઠકોના પ્રકાર બદલાઈ જવાને કારણે ભાજપ કોંગ્રેસના રાજકીય સમીકરણો પણ બદલાઈ જવા પામનાર છે. સત્તા પક્ષ ભાજપના પ્રમુખ ઉપપ્રમુખ સહિત પાંચ જેટલા ચેરમેનની બેઠકો અને વિપક્ષ નેતાની બેઠકનુ જાતિ અનામત અને મહીલા અનામત પગલે સત્તા વાપસી મુશ્કેલ બની જાય તેવી શક્યતા વર્તાઈ રહી છે. આણંદ જિલ્લા પંચાયતની અગાઉ 42 બેઠકો હતી તે નવા સીમાંકન મુજબ ઘટીને 40 થઈ જવા પામી છે. નવું સીમાંકન ભૌગોલિક પરિસ્થિતિ, કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળોને પણ ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સને 2011માં આણંદ જિલ્લા પંચાયત વિસ્તારની વસ્તી 14,49,064ને ધ્યાને લઈને નવા સીમાંકનની પ્રાથમિક પ્રસિધ્ધિ કરવામાં આવી છે. જેમાં બેઠક દીઠ સરેરાશ વસ્તી 36,227હોવી જોઈએ. જેમાં 20 ટકા વધઘટ સાથે મહત્તમ વસ્તી 43, 472 તથા ઘટ સાથે લઘુત્તમ વસ્તી 28, 982 હોઈ શકે છે. જો કે સને 2025માં આણંદ જિલ્લા પંચાયતની વસ્તી વધીને 20 લાખથી વધારે થવા પામી છે.

આણંદ નગરપાલિકા ગત વર્ષ 2025ની પહેલી જાન્યુઆરીએ મહાનગરપાલિકા જાહેર થવાથી નવા વિસ્તારોમાં આણંદ જિલ્લા પંચાયતના મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બે જીલ્લા પંચાયત બેઠક પૈકી ગામડી બેઠક રદ કરાઈ છે જયારે મોગરીની જગ્યાએ નવા સિમાંકન સાથે વલાસણ બેઠકની રચના કરવામાં આવી છે. જ્યારે તારાપુર ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવતાં તારાપુર જીલ્લા પંચાયત બેઠક રદ કરીને તેની જગ્યાએ મોરજ જીલ્લા પંચાયત બેઠક બનાવાઈ છે.

આણંદ તાલુકામાં જિલ્લા પંચાયતની કુલ 9 બેઠકો હતી. 9 બેઠકો તેમાંથી ગામડી બેઠક રદ કરી દેવામાં આવતાં કુલ 8 બેઠકો રહેવા પામી છે. જ્યારે આંકલાવ તાલુકામાં જીલ્લા પંચાયતની 4 બેઠક હતી. તેમાંથી નવાખલ બેઠક રદ્દ કરી દેવામાં આવી છે. જેથી આંકલાવ તાલુકાનુ જીલ્લા પંચાયત સંખ્યાબંળ ઘટીને 3 બેઠક થઈ ગયું છે. અનામત નવી જોગવાઈ મુજબ આગામી ચૂંટણીમાં સૌ પ્રથમ વખત 27 ટકા ઓબીસી અનામત અમલી બનાવાતા કુલ 40 બેઠકોમાંથી 11 બેઠકો ઓબીસી અનામત તરીકે ફાળવાઈ છે. ઓબીસી અનામત, સ્ત્રી અનામત અમલીકરણ પગલે ઘણી બધી બેઠકોના પ્રકાર બદલાઈ જવાને કારણે નવા રાજકીય સમીકરણો પણ રચાવાની શક્યતાઓ બળવત્તર બની છે. ગત ટર્મ 2021ની ચૂંટણીમાં ભાજપે 42માંથી 36 બેઠકો પર જીત મેળવીને જીલ્લા પંચાયતમાં સત્તા મેળવી હતી. મુખ્ય રાજકીય પક્ષો ભાજપ કોંગ્રેસ દ્વારા 350 કરતાં વધુ ગ્રામ્ય વિસ્તારોને સમાવતા નવા સીમાંકનની પ્રાથમિક પ્રસિધ્ધિ બાદ ચુંટણીલક્ષી અભ્યાસ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.સિમાકન અને રોટેશન જાહેર થતાં રાજકીય ગતિવિધિઓની ચહલપહલ જીલ્લાભરમાં વધી જવા પામી છે.

જિલ્લા પંચાયતની બેઠકોના પ્રકાર

બોરસદ તાલુકાની 9 બેઠકો

અલારસા : બિન અનામત સામાન્ય
ભાદરણ : સામાન્ય સ્ત્રી
બોચાસણ : સામાન્ય સ્ત્રી
દહેવાણ : પછાત વર્ગ સ્ત્રી
દાવોલ : પછાત વર્ગ સામાન્ય
જંત્રાલ : પછાત વર્ગ સ્ત્રી
કંકાપુરા : પછાત વર્ગ
કઠાણા : પછાત વર્ગ સ્ત્રી
નાપા તળપદ : બિન અનામત સામાન્ય

આણંદ તાલુકાની 8 બેઠકો

ચિખોદરા : સામાન્ય સ્ત્રી
હાડગુડ : અનુસુચિત આદિજાતી
ખંભોળજ : પછાત વર્ગ
નાપાડવાંટા : બિન અનામત સામાન્ય
સામરખા : સામાન્ય સ્ત્રી
સારસા : સામાન્ય સ્ત્રી
વલાસણ : બિન અનામત સામાન્ય
વાસદ : બિન અનામત સામાન્ય

પેટલાદ તાલુકાની 6 બેઠકો

બાંધણી : બિન અનામત સામાન્ય
ધર્મજ : અનુસુચિત જાતિ સામાન્ય
મહેળાવ : સામાન્ય સ્ત્રી
પાળજ : બિન અનામત સામાન્ય
પંડોળી : સામાન્ય સ્ત્રી
સિંહોલ : સામાન્ય સ્ત્રી

ખંભાત તાલુકાની 6 બેઠકો

ગોલાણા : પછાત વર્ગ સ્ત્રી
કલમસર : પછાત વર્ગ સામાન્ય
નગરા : સામાન્ય સ્ત્રી
શકરપુર : સામાન્ય સ્ત્રી
ઉદેલ : બિન અનામત સામાન્ય
વટાદરા : બિન અનામત સામાન્ય

તારાપુર : તાલુકાની 2 બેઠકો

મોરજ : અનુસુચિત જાતિ સ્ત્રી
વરસડા : બિન અનામત સામાન્ય

આંકલાવ તાલુકાની 3 બેઠકો

આસોદર : બિન અનામત સામન્ય
કહાનવાડી : પછાત વર્ગ સ્ત્રી
બામણગામ : સામાન્ય સ્ત્રી

ઉમરેઠ તાલુકાની 4 બેઠકો

ભાલેજ : બિન અનામત સામાન્ય
શીલી : બિન અનામત સામાન્ય
સુરેલી : સામાન્ય સ્ત્રી
વણસોલ : સામાન્ય સ્ત્રી

સોજીત્રા તાલુકાની 2 બેઠકો

ડભોઉ : પછાત વર્ગ સ્ત્રી
કાસોર : પછાત વર્ગ

પ્રમુખ , ઉપપ્રમુખ , પાંચ ચેરમેન અને વિપક્ષના નેતા નવી બેઠક શોધશે

ભાજપ શાસિત આણંદ જિલ્લા પંચાયતમાં હાલમાં કાર્યરત પ્રમુખ, ઉપપ્રમુખ, આરોગ્ય, કારોબારી સહિત પાંચ સમિતિઓના ચેરમેન તેમજ વિપક્ષના નેતાની બેઠકોનો પ્રકાર બદલાઈ જવા પામેલ છે. આગામી ચૂંટણીમાં ઝંપલાવવા માટે હવે આ તમામ હોદ્દેદારોને નવી બેઠકોની શોધ કરવી પડશે અથવા સત્તા વાપસી કરવી મુશ્કેલ બની હોવાની સ્થિતિ સર્જાઈ છે. વર્તમાન પ્રમુખ હસમુખભાઈ પટેલની હાડગુડ બેઠક અનુસુચિત આદિજાતી, ઉપપ્રમુખ હિરાબેન સિન્ધાની કલમસર બેઠક પછાત વર્ગની, આરોગ્ય સમિતિના ચેરમેન બાદલભાઈ પટેલની ધર્મજ બેઠક અનુસૂચિત સ્ત્રી, કારોબારી કમિટિના ચેરમેન બળંવતસિંહ પરમારની સામરખા બેઠક પણ સામાન્ય સ્ત્રી અને વિપક્ષના નેતા નટવરસિંહ મહિડાની કઠાણા બેઠક પણ પછાત વર્ગ સ્ત્રી થઈ જવા પામી છે. આ સાથે અન્ય બેઠકોમાં પણ ફેરફાર થઈ જવાને કારણે ભાજપ અને કોંગ્રેસ દ્વારા નવા નિશાળીયાઓને ટિકિટની ફાળવણી કરવી પડે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

કુલ 40 બેઠકો

1 પુરૂષ અનુસુચિત જાતિ
1 સ્ત્રી અનુસુચિત જાતિ
1 સામાન્ય અનુસુચિત આદિજાતિ
6 બેઠક સ્ત્રી ઓબીસી
5 સામાન્ય ઓબીસી
13 સ્ત્રી સામાન્ય
13 બિન અનામત સામાન્ય

આણંદ - તારાપુર તા. પંચાયતની સીમાંકનની પ્રાથમિક પ્રસિધ્ધિ કરાઈ

જાહેર જનતાને કોઈ સૂચનો હોય તો દિન-7માં રાજય ચૂંટણી આયોગને મોકલવા જણાવાયું

(પ્રતિનિધિ) આણંદ, તા. 4

ચૂંટણી આયોગ દ્વારા આણંદ - તારાપુર તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ શનિવારે જાહેર કરાયો હતો. જે અંગે જાહેર જનતાને કોઈ સૂચનો હોય તો દિન-7માં રાજય ચૂંટણી આયોગને મોકલવા જણાવાયું છે.

આણંદ તાલુકા પંચાયત બેઠકોના નવા સીમાંકન અને રોટેશન મુજબ કરમસદ આણંદ મનપા બનતાં ચાર ગામ સાથે સંકળાયેલી બે જીલ્લા પંચાયત બેઠક અને ચાર તાલુકા પંચાયત બેઠકો અસર થતાં નવેસરથી રોટેશન અને સીમાંકનની રચના કરવામાં આવી છે. આણંદ તાલુકા પંચાયતની અગાઉ 34 બેઠકો હતી જે નવા સિમાંકન મુજબ 30 બેઠકોની રચના કરવામાં આવી છે.

જયારે તારાપુર તાલુકા પંચાયતની કુલ 16 બેઠકો પૈકી તારાપુરને પાલિકાનો દરજ્જો મળવાને કારણે મત વિસ્તારમાં ઘણા બધા સીમાંકન સાથે નવી બેઠકો અસ્તિત્વમાં આવી છે. પ્રાથમિક પ્રસિધ્ધિ થયેલ મતદાર મંડળની રચનામાં ચાર નવી બેઠકોનો સમાવેશ કરાયો છે. જેમાં આમલીયારા, ઈસરવાડા, કાનાવાડા અને પાદરાનો નવી બેઠક તરીકે સમાવેશ કરાયો છે.ઉલ્લેખનીય છે કે, બેઠકોની સંખ્યા અને બન્ને તાલુકાની વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ એકસરખી વસતી રહે તે રીતે રચના કરવામાં આવી છે.

આણંદ તાલુકા પંચાયતના રોટેશન મુજબ બેઠકો

1 પુરૂષ અનુસુચિત જાતિ સ્ત્રી : સારસા
1 સામાન્ય અનુસુચિત આદિજાતિ : ચિખોદરા
4 બેઠક સ્ત્રી ઓબીસી : ગાના, હાડગુડ 1, હાડગુડ 2 જોળ,
4 સામાન્ય ઓબીસી : કાસોર, ખંભોળજ, કુજરાવ , મોગર
10 સ્ત્રી સામાન્ય : અડાસ 1 ,અડાસ 2 , ચિખોદરા 2, નાપાડવાંટા 1, નાપાડવાંટા 2, નાવલી, વેરાખાડી, વલાસણ, વાસદ 1 , વાસદ 2
10 બિન અનામત સામાન્ય : બેડવા, રામનગર, રાસનોલ, સામરખા 1, સામરખા 2, સામરખા 3 સંદેશર, સારસા 2 , ત્રણોલ

તારાપુર તાલુકા પંચાયત રોટેશન મુજબ બેઠકો

અનુસુચિત જાતિ - કાનાવાડા
સ્ત્રી અનુસુચિત જાતિ - આમલીયારા
સામાન્ય અનુસુચિત આદિજાતિ - ઉટવાડા
બેઠક સ્ત્રી ઓબીસી - ઈસરવાડા ખડા
સામાન્ય ઓબીસી - ખાખસર- મહીયારી
સ્ત્રી સામાન્ય - બુદ્ધેલ - કરબારા- પાદરા- રીંઝા- વરસડા
બિન અનામત સામાન્ય - ઈન્દ્રજણ- જલ્લા- મીલરામપુરા- મોરજ-

આણંદ તાલુકા પંચાયતની બેઠકોનો ઘટાડો થયો

મહાનગરપાલિકાની રચના થવાથી આણંદ તાલુકા પંચાયતની 4 અને જિલ્લા પંચાયતની 2 સીટને મહતમ અસર થયેલ છે અને આ બેઠકમાં સમાવિષ્ટ થયેલા વિસ્તારના સિમાંકનમાં ફેરફાર કરાયો છે. અને તંત્રને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા આ ચારેય ગામની બાદબાકી કરી નવેસરથી કવાયત કરવી પડી છે. આણંદ તાલુકા પંચાયતની ગામડી -1, ગામડી -2, જોળ અને મોગરી તાલુકા પંચાયત બેઠકનો મહત્તમ વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવેશ થયેલો છે. જેથી ચારેય તાલુકા પંચાયતની બેઠકોનો આગામી ચૂંટણીમાં બાદબાકી થઇ શકે છે. એટલે આણંદ તાલુકા પંચાયતની કુલ 34 સીટના બદલે આગામી ચૂંટણીમાં સીટ ઘટીને 30 થઇ છે. મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવતાં આણંદ જિલ્લા પંચાયતની ગામડી જીલ્લા પંચાયત, મોગરી જીલ્લા પંચાયત વિસ્તારમાં પણ આંશિક અસર થયેલ છે

ઉમરેઠ બાર એસોસિએશનના હોદ્દેદારોએ હોદ્દો સંભાળ્યો

તસવીરઃ ધનંજય શુકલ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.4

ઉમરેઠ બાર એસોસિએશનના નવનિર્વાચિત હોદ્દેદારોએ વર્ષ 2026 માટેનો કાર્યભાર સંભાળ્યો છે. મોટી સંખ્યામાં વકીલોની ઉપસ્થિતિમાં પ્રમુખ તરીકે ધ્રુમિલ એચ. શુક્લ, ઉપપ્રમુખ તરીકે એયુબખાન એન. પઠાણ, સેક્રેટરી મૌલિક પટેલ અને ખજાનચી તરીકે પ્રીતિબેન મકવાણાએ વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો.

ઉમરેઠ બાર એસોસિએશનમાં ચૂંટણીમાં ખાલી રહેલા પદો માટે પ્રમુખ ધ્રુમિલ શુક્લ દ્વારા જોઈન્ટ સેક્રેટરી તરીકે મોહમ્મદ્દતનવીર કાઝી અને મહિલા પ્રતિનિધિ તરીકે મૌલિકાબેન પંડ્યાની નિમણૂક કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત ૩૧ ડિસેમ્બરે સ્વર્ગવાસ પામેલા સિનિયર વકીલ હરેન્દ્રકુમાર વ્યાસને શ્રદ્ધાંજલિ પાઠવવાના હેતુથી, પ્રમુખના સૂચન મુજબ કોઈપણ પ્રકારના હાર, કલગી કે અલ્પાહારના આયોજન વિના અત્યંત સાદગીથી આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આગામી વર્ષમાં બાર એસોસિએશન માટે લેવાના થતા મહત્વના નિર્ણયો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આણંદ મનપા વિસ્તારમાં વર્ષ 2024ની સરખામણીએ 2025માં રોગચાળો નિયંત્રણમાં આવ્યો

આણંદ શહેરની 45 હોસ્પિટલ શાળામાં મચ્છરોના પોરા મળ્યાં !

કરમસદ-આણંદ મહાનગરપાલિકાએ બેદરકાર એકમો પાસેથી 4.26 લાખનો દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) આણંદ તા.4

કરમસદ-આણંદ મનપા વિસ્તારના નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે મનપા કમિશનરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન કામગીરીના પરિણામે વાહકજન્ય રોગચાળા પર અસરકારક નિયંત્રણ મેળવવામાં આવ્યું છે. વર્ષ 2025 દરમિયાન મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર ડો. રાજેશ પટેલના નેતૃત્વમાં કરવામાં આવેલી કામગીરીને કારણે ગત વર્ષની સરખામણીએ મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. અલબત્ત, આ કાર્યવાહીમાં 25 શાળા અને 20 હોસ્પિટલમાં મચ્છર ઉત્તપત્તિ જોવા મળી હતી.

કરમસદ - આણંદ મ્યુનિસિપલ હેલ્થ ઓફિસરના જણાવ્યા અનુસાર, સમગ્ર મનપા વિસ્તારમાં વર્ષ 2024માં મેલેરિયાના 9 કેસ હતા, જે વર્ષ 2025માં ઘટીને માત્ર 2 થઈ ગયા છે. તેવી જ રીતે, ડેન્ગ્યુના કેસો પણ 66 થી ઘટીને 36 થયા છે. ખાસ કરીને આણંદ સિટીમાં ડેન્ગ્યુના કેસો 44 થી ઘટીને 29, કરમસદમાં 12 થી ઘટીને 4 અને વિદ્યાનગરમાં 10 થી ઘટીને માત્ર 3 કેસ નોંધાયા છે. આ સફળતા પાછળ અર્બન મેલેરિયા સ્કીમ (UMS) ની ટીમો અને વિવિધ આરોગ્ય કેન્દ્રોની સંયુક્ત કામગીરી મુખ્ય રહી છે.

આરોગ્ય વિભાગે માત્ર સારવાર જ નહીં, પરંતુ અટકાયતી પગલાં તરીકે કાયદાનું પણ કડક અમલ કર્યું છે. વર્ષ 2025 દરમિયાન તપાસ દરમિયાન જ્યાં મચ્છરોના પોરા ઉત્પન્ન થતા જોવા મળ્યા હતા તેવી 292 જેટલી દુકાનો અને સંસ્થાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ તમામ એકમોને નોટિફિકેશન એક્ટ હેઠળ નોટિસ ફટકારી તેમની પાસેથી કુલ રૂપિયા 4,26,300/-નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મનપાની આ આક્રમક કામગીરીને કારણે વિદ્યાનગર, કરમસદ, બાકરોલ, મોગરી, જીટોડીયા, લાંભવેલ અને ગામડી જેવા વિસ્તારોમાં રોગચાળાને નાથવામાં મોટી સફળતા મળી છે.

ક્યા ક્યા મચ્છર ઉત્તપત્તિ જોવા મળી ?

» 71 કોમર્શિયલ કોમ્પ્લેક્ષ અને મોલ
» 34 બાંધકામ સાઈટો
» 20 હોસ્પિટલો અને 25 શૈક્ષણિક સંસ્થાઓ
» 37 ટાયરની દુકાનો અને 90 ખાનગી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

લુણાવાડામાં મ. શિક્ષણ નિરીક્ષકના ઘરમાં ચોરી

પરિવારજનો અંબાજી- રાજસ્થાન પ્રવાસે ગયા અને પાછળથી તસ્કરોએ દોઢ લાખની મતા ચોરી ગયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

લુણાવાડા શહેરની મધુરમ વીલા સોસાયટીમાં તસ્કરોએ ધોળા દિવસે ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મહિસાગર જિલ્લામાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ હુરજીભાઈ મછાર 25મી ડિસેમ્બરના રોજ પોતાના પત્ની અને બાળકો સાથે અંબાજી અને રાજસ્થાનના રામદેવરા ખાતે દર્શન કરવા માટે ગયા હતા. પરિવારની ગેરહાજરીનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ તેમના ઘરના મુખ્ય દરવાજાનું લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

જોકે, સુરેશભાઈ 28મીના રોજ રાજસ્થાનથી પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમના સંબંધી મનીષાબેનનો ફોન આવ્યો હતો અને તેમણે ઘરનું તાળું તૂટેલું હોવાની જાણકારી આપી હતી. શંકા જતાં સુરેશભાઈએ વિડિયો કોલ દ્વારા તપાસ કરવાનું કહેતા ઘરમાં ચોરી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

બીજા દિવસે સવારે જ્યારે પરિવાર ઘરે પહોંચ્યો ત્યારે ઘરનો તમામ સામાન વેરણછેરણ હાલતમાં જોવા મળ્યો હતો અને તિજોરીના તાળા પણ તૂટેલા હતા અને લાખોના દાગીના અને રોકડની ચોરી તસ્કરો ઘરમાંથી સોનાનો સેટ, કાનશેર, સોનાની વીંટી, કાનની બુટ્ટી, કડીઓ, ચુની અને ચાંદીના છડા-ઝૂડો જેની અંદાજિત કિંમત રૂ. 1,50,000 છે, તેની સાથે રૂ. 5,000ની રોકડ મળી કુલ રૂ. 1,55,000ની મત્તાની ચોરી કરી ગયા છે. આ મામલે સુરેશભાઈએ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

ખાનપુરની દીકરીએ 33 લાખના ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ નોંધાવ્યો

ગ્રામીણ મહિલાઓ પણ ટેકનોલોજીના માધ્યમથી આર્થિક ક્રાંતિ લાવી શકે છે

(પ્રતિનિધિ) ખાનપુર તા.4

મહીસાગર જિલ્લાના એક નાનકડા ગામની મહિલાએ ડિજિટલ બેંકિંગ ક્ષેત્રે જે સિદ્ધિ હાંસલ કરી છે, તેણે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. ખાનપુર ગામના જાગૃતિબેન પંચાલે સાબિત કરી દીધું છે કે જો યોગ્ય માર્ગદર્શન અને દ્રઢ સંકલ્પ હોય, તો ગ્રામીણ મહિલાઓ પણ ટેકનોલોજીના માધ્યમથી આર્થિક ક્રાંતિ લાવી શકે છે.

ખાનપુર ગામના જાગૃતિબેન પંચાલ ગૃહિણીથી રાષ્ટ્રીય સ્તરના ઉદ્યોગસાહસિક સુધીની સફર જાણવા જેવી છે. પીટીસી અને ગ્રેજ્યુએશન જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા જાગૃતિબેને આઠ વર્ષ પહેલાં આર્થિક પગભર થવાના ઉમદા આશય સાથે 'મિશન મંગલમ' યોજનાનો સાથ લીધો હતો. બરોડા સ્વરોજગાર સંસ્થામાંથી તાલીમ મેળવ્યા બાદ, તેમણે ગામમાં 'બેંક સખી' તરીકે

જવાબદારી સંભાળી હતી. તેઓ માત્ર ઘરકામ જ નથી સંભાળતા, પરંતુ પોતાનો 'બીસી પોઈન્ટ' અને દુકાન ચલાવીને માસિક 15 હજારથી 20 હજાર રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

જાગૃતિબેને ગ્રામીણ સ્તરે બેંકિંગ સેવાઓને ઘરઆંગણે પહોંચાડી એક આદર્શ સેવા-લક્ષી મોડલ ઊભું કર્યું છે. તેમણે વૃદ્ધો, બાળકો અને મહિલાઓ પાસે કોઈ પણ ચાર્જ લીધા વિના નાણાકીય લેવડ-દેવડની સુવિધા પૂરી પાડી છે. તેમની આ નિષ્ઠાના પરિણામે, વર્ષ 2022માં ગુજરાતમાં 23 લાખ અને ત્યારબાદ સમગ્ર ભારતમાં 33 લાખના ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો વિક્રમ સ્થાપીને તેમણે રાષ્ટ્રીય સ્તરે ગૌરવ મેળવ્યું છે.

અન્ય મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે

પોતાની સફળતા બાદ જાગૃતિબેન હવે અન્ય ગ્રામીણ બહેનોને પણ આત્મનિર્ભર બનાવી રહ્યા છે. નેશનલ રૂરલ લિવલીહુડ મિશન અંતર્ગત તેઓ સખી મંડળની બહેનોને ઓછા વ્યાજે લોન અપાવી નાના ઉદ્યોગો શરૂ કરવામાં મદદ કરી રહ્યા છે. ગામની દરેક બહેન 'લખપતિ દીદી' બને અને ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થાય તેવા ધ્યેય સાથે તેઓ મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225